આપણું પોતાનું અખબાર

માણસ સફળતા અને પ્રસન્નતાનો અધિકારી છે, પણ આવિષ્કારની રીત એ જાણતો નથી, એટલે પોતાને પામર, રંક અને નકામો માની બેસે છે
- આનંદસૂત્ર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૫૨ | ૩ મે, ૨૦૧૪, શનિવાર; વૈશાખ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આચાર સંહિતા આંશિક હળવી કરાઈ

## વિકાસના કામો સાવ અટકી પડયા છે તે હવે ચાલુ થશે : ૬૦ દિવસ બાદ વિકાસના કામો શરૂ કરવા માટે પંચના નિર્દેશો

ગાંધીનગર, તા. ૨

૬૦ દિવસ જુની ચુંટણીની આદર્શ આચાર સંહિતાને હળવી કરવાનો નિર્ણય ચુંટણી પંચે કર્યો છે. જો કે જયાં પુનઃ મતદાન છે તેવા વિસ્તારોમાં આદર્શ આચાર સંહિતાનો અમલ યથાવત રહેશે.

આદર્શ આચાર સંહિતા જે હળવી કરવામાં આવી છે તેમાં વિકાસના કામો શરૂ કરી શકાશે. જો કે મંત્રીશ્રીઓ કે અધિકારીઓ દ્વારા સમીક્ષા બેઠક યોજી શકાશે નહિ તેમ સ્પષ્ટ પંચના આદેશમાં જણાવાયું છે.

માર્ચના પ્રથમ સપ્તાહથી આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થયો હતો. જેને કારણે વિકાસના કામો જે નવા નાણાંકીય વર્ષમાં શરુ કરવાના હતા તેમાં એક મહિના જેટલો વિલંબ થવા પામ્યો છે. આ ઉપરાંત વિકાસના કામોના ટેન્ડર પડી ગયા હતા પરંતુ હાથ ધરી શકાયા ન હતા તેનો હવે પ્રારંભ કરી શકાશે.

ચુંટણીની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયા બાદ તંત્રએ હાશકારો અનુભવ્યો છે. જો કે આચારસંહિતાનો સંપૂર્ણ અમલ મતગણતરી પ્રક્રિયા સંપન્ન થયા બાદ ૨૮મી મે એ કરાશે.

૧૬મી મેના રોજ મતગણતરી પ્રક્રિયા હાથ ધરવાની હોવાથી તંત્ર હવે તેની તૈયારીમાં વ્યસ્ત બન્યું છે જો કે ચુંટણી માટે રચાયેલ વિવિધ ટીમો અને બાકીની કામગીરી યથાવત ચાલુ રહેશે.

આદર્શ આચાર સંહિતાના અમલને લઈ ઘણા બધા વિકાસના કામો અટકી જવા પામ્યા હતા. હવે વિકાસના કામો લગ્નસરાની મોસમ હળવી થતાં જ હાથ ધરાશે તેમ મનાઈ રહ્યું છે. જો કે જેમના ટેન્ડર બહાર પડી ગયા છે તેમજ એજન્સીઓ પણ નિયત થઈ ગઈ છે તેવા તમામ કામો હવે હાથ પર લઈ શકાશે.

આ વખતે લોકસભાની ચુંટણી નવ તબક્કામાં હોવાથી આદર્શ આચાર સંહિતાનો અમલ ૬૦ દિવસ સુધીનો રહ્યો છે. ગત વખતે આ અમલ ૭૦ કરતાં પણ વધુ દિવસનો હતો ત્યારે પંચ સમક્ષ આ બાબતે ઉગ્ર રજુઆતો થઈ હતી.

પંચે પણ આ વખતે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થતાં વિકાસના કામો શરૂ કરવા માટે આંશિક અમલવારી હળવી બનાવવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ખાસ કરીને ૧૩મા નાણા પંચના, જિલ્લા આયોજન મંડળના જે કામો મંજૂર થયેલા છે તે ધીમી ગતિએ હાથ ધરાશે અને પરિણામો તેમજ લગ્નસરાની મોસમને અંતે તેની અમલવારીમાં ગતિ આવશે.



બાળપણ છિનવાયું - ક, ખ, ઘ ભણવાની ઉંમર, ખો-ખો અને સાતતાળી રમવાની ઉંમર, કાલીઘેલી જીદ કરવાની ઉંમર એટલે બાળપણ... જીવનનો શ્રેષ્ઠ સમયગાળો... આ જ સમયગાળામાં ઘરના કામ કરવાના આવે, મજુરી કરવાની આવે ત્યારે પરમતત્વને યાદ કરીને પ્રાર્થના કરવાનું મન થાય કે હે ભગવાન બીજી કોઈપણ સજા મંજુર છે પણ કોઈનું બાળપણ છિનવી ના લઈશ..... (તસવીર : કશ્યપ નિમાવત)

# હવે ગુજરાતની ભાજપ ટીમ વારાણસીમાં ડેરાતંબુ તાણશે

## રવિવારે ભાજપના પ્રદેશ પ્રમુખ સહિત સાત આગેવાનો યુપી જવા રવાના : ૩૦-૩૦ કાર્યકરોની ટીમ પણ પહોંચશે

અમદાવાદ, તા.૦૨

લોકસભાની ગુજરાતની ૨૬ બેઠકો માટે તા. ૩૦મી એપ્રિલના રોજ યોજાયેલી ચૂંટણી બાદ હવે ભાજપના આગેવાનો તથા કાર્યકરોની ફોજ ઉત્તરપ્રદેશમાં અને ખાસ કરીને નરેન્દ્ર મોદી જ્યાંથી ચૂંટણી લડી રહ્યા છે તે વારાણસી મતવિસ્તારમાં પહોંચી જશે. લોકસભાના આઠમાં તબક્કાની ચૂંટણીમાં તા. ૭મી મે ના રોજ ઉત્તરપ્રદેશની ૧૫ બેઠકો અને અંતિમ તબક્કામાં તા. ૧૨મી મે ના રોજ ઉત્તરપ્રદેશની ૧૮ બેઠકો ઉપર મતદાન થશે.

ભારતીય જનતા પાર્ટીના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે અખાત્રીજના દિવસે રાજ્યમાં મોટી સંખ્યામાં લગ્ન પ્રસંગો હોવાથી ભાજપના આગેવાનો તથા કાર્યકરો આ સામાજીક પ્રસંગોમાં વ્યસ્ત રહ્યા હતા અને ગુજરાતની ચૂંટણીનો થાક ઉતારી તા. ૪થી મે રવિવારના રોજ ભાજપના પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ, મહામંત્રીઓ, ચૂંટણી સંચાલન સમિતિના કન્વીનર પુરષોત્તમ રૂપાલા, આઈ.કે. જાડેજા સહિત સાત જેટલા આગેવાનો ઉત્તરપ્રદેશ જવા રવાના થશે. જ્યારે તા. ૫મી મે ના રોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભાની બેઠકો પૈકી એક-એક મતવિસ્તારમાંથી મહત્તમ ત્રીસેક જેટલા કાર્યકરો ઉત્તરપ્રદેશ જશે.

● અનુસંધાન પાન-૭ પર

# અખાત્રીજથી વાવણીનો પ્રારંભ

## દસ વર્ષ બાદ કૃષિ મહોત્સવની ઉજવણી આચાર સંહિતામાં અટવાઈ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા. ૨

આજે અક્ષય તૃતિયાના પવિત્ર દિવસે જિલ્લાના ખેડૂતોએ ખરીફ ઋતુના વાવેતરનો પ્રારંભ આનંદ અને ઉત્સાહ સાથે કર્યો છે.

જો કે લગ્નસરાની ભરચક મોસમ હોવાથી અત્યારે ખેડૂતોએ ખેતર ખેડી અને વરાપ માટે મુકવાનો નિર્ણય કર્યો છે. જિલ્લાના ઘણા બધા ગામોમાં આજે ખેડૂતોએ ખેતર ખેડવાની કામગીરી જ કરી છે.

વાવણીની કામગીરી વૈશાખ ઉતરતાં શરૂ કરાશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં આ વર્ષે સારા વરસાદની આશા સાથે ખેડૂતોએ વાવણીની પ્રાથમિક કામગીરી આરંભી છે. જિલ્લામાં ૧ લાખ ૪૦ હજાર હેકટર કરતાં પણ વધુ વિસ્તારમાં વાવેતર થવાના અંદાજો છે.

આ વખતે પણ ખેડૂતો કપાસ-દિવેલા અને લીલા શાકભાજીના પાકોને વધુ અગ્રતા આપશે તેમ મનાઈ રહ્યું છે.

આમ તો છેલ્લા ૧૦ વર્ષથી રાજયમાં અખાત્રીજના દિવસે આરંભાતો કૃષિ મહોત્સવ આ વખતે કૃષિ વિભાગે ચૂંટણીની આચાર સંહિતાના અમલને લઈ શરૂ કર્યો નથી. જો કે આ માસના અંતમાં યોજવામાં આવે તેવી શકયતાના નિર્દેશો કૃષિ વિભાગના સૂત્રો આપી રહ્યા છે.

જિલ્લામાં ગત વર્ષે થયેલા સારા વરસાદને કારણે પાક-ઉત્પાદનમાં વધારો મેળવી શકાયો હતો.

# જિલ્લામાં સૌથી વધુ મતદાન માણસાના મોતીપુરામાં, સૌથી ઓછુ મતદાન દહેગામના ચિસકારીના બુથમાં

## શહેરમાં સૌથી ઓછુ મતદાન સે. ૨૮માં તો ધોળાકુવા, સે. ૨૭ અને સે. ૨૪માં ૭૫ ટકા કરતાં વધુ મતદાન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં સૌથી વધારે મતદાન માણસાના મોતીપુરા ખાતે ૯૩ ટકા નોંધાયું છે. જો કે આ તાલુકામાં સૌથી ઓછુ મતદાન દહેગામના ચિસકારી પોલીંગ બુથ-૨માં નોંધાયું છે. જે લગભગ ૨૮.૧૩ ટકા જેટલુ છે.

ગાંધીનગર જિલ્લામાં ૬૨ ટકા જેટલુ ભારે મતદાન નોંધાયુ છે. જો કે આ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ત્રણ સંસદીય મતવિસ્તાર સાથે સંકળાયેલ છે. સૌથી ઓછુ મતદાન દહેગામ વિધાનસભા મત વિસ્તારમાં નોંધાયુ છે.

ગાંધીનગર (દ) બેઠક પર સાત મતદાન મથકો એવા છે જ્યાં ૫૦ ટકાથી ઓછુ મતદાન નોંધાયુ છે. જેમાં ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારના વતન દોલારાણા-વાસણાના બે બુથનો સમાવેશ થાય છે. આ બેઠક પર સૌથી ઓછુ મતદાન ડભોડાના બુથ નં. ૪માં ૩૨.૨૮ ટકા નોંધાયુ છે.

આ વિધાનસભા મત વિસ્તારના ૬ બુથ એવા છે જ્યાં ૭૫ ટકા કરતાં વધુ મતદાન નોંધાયુ છે. આ બેઠક પર સૌથી વધુ મતદાન વાંકાનેરડાના નવાપુરાના બુથમાં ૮૬.૬૩ ટકા નોંધાયું છે.

જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ મંગીબેન પટેલના વતન છાલાના બે બુથો બુથ નં. ૬ અને ૭માં ૮૦ ટકા અને ૭૯.૨૦ ટકા જેટલુ મતદાન નોંધાયુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર (ઉ)ની બેઠકમાં સૌથી વધુ મતદાન ધોળાકુવા-બુથ નં. ૧માં ૭૬.૯૧ ટકા નોંધાયુ છે. આ પછી બીજા ક્રમે સે. ૨૭નું બુથ નં. ૧૮૯ માં ૭૫.૬૮ ટકા અને સે. ૨૫ના બુથ નં. ૧૮૦માં ૭૫.૪૮ ટકા મતદાન નોંધાયુ છે. ગાંધીનગર (ઉ) બેઠક પર સૌથી ઓછુ મતદાન સે. ૨૮ના બુથ નં. ૧૯૮માં નોંધાયુ છે જે માત્ર ૩૫.૫૫ ટકા છે.

કોંગી ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાના વતન વાસનના બે બુથમાં ૫૦ ટકા કરતાં ઓછુ મતદાન રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદો જરૂર બન્યો છે.



(તસવીર : દિપક જાની)

શહેર ભાજપના પ્રમુખ શ્રી જિલ્લાનું અને રાજ્યનું પ્રથમ રૂર્બન વિલેજ રાંધેજામાં તમામ બુથમાં ૬૦ ટકા કરતાં વધુ મતદાન થયું છે તે પણ નોંધનીય છે.

નીતિન પટેલના વતન રૂપાલના તમામ બુથોમાં ૬૦ ટકા કરતાં વધુ મતદાન નોંધાયુ છે.

# ગુજરાતમાં સોનાની આયાત હવે રેકોર્ડ નીચી સપાટી ઉપર

## છેલ્લા છ વર્ષમાં એપ્રિલ મહિનાના સોનાની આયાત સૌથી ઓછું : જુદા જુદા પરિબળ જવાબદાર રહ્યાનો દાવો થયો

અમદાવાદ, તા. ૨

સોનાની આયાતમાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ કારગો લિમિટેડ પાસેથ પ્રાપ્ત આંકડામાં જાણવા મળ્યું છે કે,સોનાની આયાત સતત ઘટી રહી છે. એપ્રિલ મહિનામાં સોનાની આયાત ૪.૫૭ મેટ્રિક ટનની આસપાસ રહી છે. નવેસરના આંકડામાં જણાવવામાં આવ્યું છેકે, ૨૦૧૩માં આજ ગાળા દરમિયાન સોનાની આયાત ૨૭.૫૦ મેટ્રિક ટન રહી હતી. આમા તીવ્ર ઘટાડો દર્શાવે છે કે, કેટલાક પગલાઓની અસર જોવા મળી રહી છે. ગુજરાતમાં રેકોર્ડ નીચી સપાટી ઉપર સોનાની આયાત પહોંચી છે. આશરે બે વર્ષની લાંબી મંદીની અસર બુલિયન કારોબારીઓ ઉપર થઈ છે. છેલ્લા છ વર્ષના ગાળામાં એપ્રિલ મહિનામાં સોનાની આયાત સૌથી નીચી રહી છે. મંદી બાદ નિષ્ણાતોનો દાવો છે કે, સોનાની આયાત ઉપર નિયંત્રણ, સોનાની ઉંચી કિંમતો, ડોલર સામે રૂપિયાની નબળી સ્થિતિ અને નિરાશાજનક પ્રતિસાદ જેવા પરિબળોના લીધે સોનાની આયાત ઘટી રહી છે. ગુજરાતમાં સોનાની આયાત રેકોર્ડ નીચી સપાટી ઉપર પહોંચી છે. વર્ષ ૨૦૧૩-૧૪માં ૯૨ મેટ્રિક ટન સોનાની આયાત કરવામાં આવી હતી જ્યારે ૨૦૧૨-૧૩માં ૧૯૩ મેટ્રિક ટન સોનાની આયાત કરવામાં આવી હતી. એક વર્ષ માટેના આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો છેલ્લા પાંચ વર્ષમાં સૌથી

● અનુસંધાન પાન-૭ પર


તા. ૩-૫-૨૦૧૪ થી તા. ૫-૬-૨૦૧૪ દરમ્યાન ડૉ. તેજલ દલાલ વધુ અભ્યાસ અર્થે અમેરિકા જઈ રહ્યા હોવાથી ક્લિનીક પર મળશે નહી.

તેજ આઈ સેન્ટર
ગાંધીનગર - કલોલ
દહેગામ
૯૯૨૪૦૮૮૫૦૦







## NEWS બિટ્સ

### નામિબિયાએ ભારત પાસેથી ૩૪૦૦ ઈવીએમ ખરીદ્યા

દેશમાં રાષ્ટ્રપતિ પદની



ચુંટણી યોજવા માટે નામિબિયા સરકારે ભારતમાં બનાવવામાં આવેલા ૩૪૦૦ ઈવીએમ ખરીદ્યા છે. આ ઈવીએમનો એશિયાના ઘણા દેશ સ્વતંત્ર અને નિષ્પક્ષ ચુંટણી માટે ઉપયોગ કરી રહ્યા છે. નામિબિયાની સરકારે સાર્વજનિક ક્ષેત્રની બાંયધરી પર ભારત ઈલેક્ટ્રોનિકસ લિમિટેડની બેંગ્લોર સ્થિત એકમ પાસેથી ઈવીએમ ખરીદ્યા છે.

### આઈપીએલની લોકપ્રિયતા ઘટી


વિશ્વના સૌથી મોટા સર્ચ

2014 INDIAN PREMIER LEAGUE

એન્જિન ગુગલે એ વાતનો સ્વીકાર કર્યો છે કે ચુંટણી, મેચ ફિકસિંગ અને સટ્ટાબાજી સાથે જોડાયેલા મામલાને કારણે લોકોમાં આઈપીએલની સાતમી સીઝનમાં લોકપ્રિયતામાં ઉણપ આવી છે. ગુગલના અનુસાર આઈપીએલની પ્રતિષ્ઠા ઓછી જરૂર થઈ છે પરંતુ ચેન્નાઈ સુપર કિંગ્સ સર્ચ એન્જિનમાં સૌથી વધુ સર્ચ થનારી ટીમ છે.

### કેદારનાથના દ્વાર ખૂલવાના પ્રસંગે પંડિત જસરાજ પરફોર્મ કરશે

હિમાલયની તળેટીમાં



આવેલા હિંદુઓના પવિત્ર ધામ કેદારનાથના દ્વાર છ મહિનાના સમય બાદ ચોથી મેથી ફરીથી ખુલવા જઈ રહ્યા છે ત્યારે હિન્દુસ્તાનના કલાસિકલ ગાયક પંડિત જસરાજ તેમના સુમધુર અવાજ દ્વારા ભકતોનું સ્વાગત કરશે.

### ચારધામ યાત્રા ઉપર સંકટના વાદળો

આજથી શરૂ થયેલી



ચારધામ યાત્રા ઉપર સંકટના વાદળો છવાયા છે. પ્રતિકુળ હવામાન અને ખરાબ માર્ગને કારણે ઉત્તરાખંડ સરકારે બાળકો અને વૃધ્ધોને કેદારનાથ નહીં જવાની સલાહ આપી છે. ગયા વર્ષે જુન મહિનામાં થયેલી તબાહી પછી હાલત સામાન્ય થઈ ગયા હોવાનો દાવો કરવામાં આવ્યો હોય પરંતુ પરિસ્થિતિ વિપરીત હોવાનું જણાઈ રહ્યું છે. અત્યારે કેદારનાથ મંદિરની ચારે તરફ બરફ છવાયેલો છે અને પોલીસ તથા લશ્કરના જવાનો બરફ દુર કરીને માર્ગ બનાવી રહ્યા છે.

### ડાન્સમાં ભાગ લેવા સોનમ બ્રેક લેશે

અભિનેત્રી સોનમ કપુર હાલમાં તેની આગામી ફિલ્મોના શુટીંગમાં વ્યસ્ત છે. જો કે તેણે કહ્યું છે કે તેને થોડા સમય માટે કામમાંથી બ્રેક લેવો છે. તે કાન્સ ફીલ્મ ફેસ્ટીવલમાં ભાગ લઈ બ્રેકનો આનંદ માણશે. ૬૭મો કાન્સ ફિલ્મ ફેસ્ટીવલ ૧૪ થી ૨૫મે દરમિયાન યોજવાવાનો છે. સોનમ ૧૮ થી ૧૯મી મે દરમિયાન કાન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં ભાગ લેશે.